વંચાણે લીધો :-
(૧) ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રટ કોર્ટ, લુણાવાડાના કચેરી આદેશ નં. ૧૬/૨૦૨૨, તા. ૨૯.૦૬.૨૦૨૨ અન્વયે.
(૨) બીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રટ, લુણાવાડા તા. ૧૬.૦૫.૨૦૨૩ થી કાર્યરત થવાથી.

---

# કચેરી હુકમ

## I

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ,લુણાવાડા ખાતે દાખલ થતા તમામ સ્પેશ્યલ દાવાઓની લુણાવાડા મુખ્ય મથક ખાતે હાલમાં કાર્યરત ૦૩ સીનીયર ડીવીઝન કોર્ટોમાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, લુણાવાડા ધ્વારા રોટેશન મુજબ વહેંચણી કરવાની રહેશે.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ,લુણાવાડા ખાતે દાખલ થતા તમામ રેગ્યુલર દાવાઓ તથા તમામ દાખલ થતા સીવીલ કેસોની લુણાવાડા મુખ્ય મથક ખાતે હાલમાં કાર્યરત ૦૪ સીનીયર/જુનીયર ડીવીઝન કોર્ટોમાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, લુણાવાડા ધ્વારા રોટેશન મુજબ વહેંચણી કરવાની રહેશે.

## II

મહિસાગર મુખ્ય મથક લુણાવાડા મુકામે કોર્ટોમાં દાખલ ક્રિમીનલ કેસોની ચાર્જશીટ પહેલા કરવાની થતી તમામ કાર્યવાહી(એટલે કે પ્રોડકશન, રીમાન્ડ અરજી,જામીન અરજી અંગેના જરૂરી હુકમો) અર્થે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે. ઉપરોકત જણાવેલ કામગીરી બાદ ચાર્જશીટ કોર્ટમાં રજુ થયેથી કરવાની થતી તમામ કામગીરી ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, લુણાવાડાનાઓએ કરવાની રહેશે. ચાર્જશીટ જયારે જે તે પોલીસ સ્ટેશન ધ્વારા રજૂ કરવામાં આવે ત્યારે ચીફ જ્યુડશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ધ્વારા કેસોના નંબર પાડી તથા સી.આઈ.એસ. સોફટવેરમાં એન્ટ્રી કરી નીચે દર્શાવેલ કોર્ટોમાં મોકલવાના રહેશે. જયારે ચાર્જશીટ આવે ત્યારે જે તે કોર્ટ ધ્વારા એફ.આઈ.આર. તથા પ્રોડકશનના જરૂરી કાગળો સામેલ રાખવા જણાવવામાં આવે છે.

| અ.નં | કોર્ટનું નામ | સોંપવામાં આવેલ પો.સ્ટેશન |
|---|---|---|
| ૧. | ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, લુણાવાડા | નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ -૧૩૮ મુજબ દાખલ થતા તમામ કેસો તથા લુણાવાડા પોલીસ સ્ટેશનના પાર્ટ- I અને પાર્ટ- II ને લગતા કેસોની ચાર્જશીટ પહેલા તથા ચાર્જશીટ થયા બાદની તમામ કામગીરી તથા તે સિવાય દાખલ થતા તમામ ક્રિમીનલ કેસોની કામગીરી તથા દાખલ થયેલ કેસો રોટેશન મુજબ ત્રણ કોર્ટમાં આપવા. |
| ૨. | બીજી એડીશ્નલ સીનીયર સીવીલ કોર્ટ, લુણાવાડા. | કોઠંબા પોલીસ સ્ટેશનના પાર્ટ- I અને પાર્ટ- II ને લગતા કેસોનું ચાર્જશીટ પહેલા તથા ચાર્જશીટ થયા બાદ કેસ ચલાવવાની તમામ કામગીરી. |
| ૩. | એડીશનલ સીવીલ કોર્ટ, લુણાવાડા. | લુણાવાડા તથા કોઠંબા પોલીસ સ્ટેશનના પાર્ટ- III ને લગતા કેસોનું ચાર્જશીટ પહેલા તથા ચાર્જશીટ થયા બાદ સદરહું કોર્ટમાં કેસો ટ્રાન્સરફ કરવા. |

(એચ.એ.દવે)
મુખ્ય જીલ્લા ન્યાયાધીશ,
મહીસાગર,મુ.લુણાવાડા

જા.નં/ક.હુકમ/૬૩૨/૨૦૨૩
જીલ્લા ન્યાયાલય,
મહીસાગર,મુ.લુણાવાડા
તા.૨૩/૦૫/૨૦૨૩

સવિનય નકલ રવાના જાણ તેમજ આગળની કાર્યવાહી સારૂ :-

(૧) પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ,લુણાવાડા.
(૨) ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ,લુણાવાડા.
(૩) બીજા એડીશ્નલ સીનીયર સીવીલ કોર્ટ,લુણાવાડા.
(૪) એડીશ્નલ સીવીલ કોર્ટ, લુણાવાડા.
(૫) ફુલ ટાઈમ સેક્રેટરી, ડી.એલ.એસ.એ. લુણાવાડા.
(૫) હેડ કલાર્ક, સીવીલ બ્રાન્ચ/ક્રિમીનલ બ્રાન્ચ/ઈન્સપેકશન બ્રાન્ચ, કોમ્પ્યુટર બ્રાન્ચ, ડીસ્ટીકર્ટ કોર્ટ,લુણાવાડા.
(૬) જિલ્લા પોલીસ વડા, જિલ્લા પોલીસ વડાની કચેરી, લુણાવાડા.
(૭) પી.આઈ./પી.એસ.આઈ., લુણાવાડા/કોઠંબા પોલીસ સ્ટેશન તરફ યોગ્ય કાર્યવાહી અર્થે.